રજીસ્ટર્ડ પોસ્ટ

કામચલાઉ મંજુરી

જૂન–૨૦૨૩ બિન અનુદાનિત

ક્રમાંક:મઉમશબ/શાનિ/ન.શા./જૂન-૨૩/240/ 13952/13954
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા. 12/05/2023

પ્રતિ,
પ્રમુખ / મંત્રી,
**SANSKAAR FOUNDATION**
**C/o MY APPLE SCHOOL SANSKAR FOUNDATION**
**MY APPLE SCHOOL SANSKAR FOUNDATION NR AVDHUT RAILWAY CROSSING,**
**VADODARA**

એપ્લીકેશન નં:- GSEB/H/23/7

વિષય :- જૂન-૨૦૨૩ થી કાયમી ધોરણે બિન અનુદાનિત (Non Grant-in-aid) ધોરણ-૧૧ની નવી ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી કરાવી લેવા બાબત. (ધોરણ-૧૧ નો પ્રથમ વર્ગ).

સંદર્ભ :- ૧) જૂન-૨૦૨૩ ના બિન અનુદાનિત શાળા શરૂ કરવા અંગેની ઓનલાઈન અરજી GSEB/H/23/7
૨) સરકારશ્રીના શિ.વિ.નો તા.03/07/૯૩ ના પત્રાંક ક્રમાંક: ૧૦૯૩/૧૩૨૨/છ.
૩) સરકારશ્રીના શિ.વિ.નો તા.૧૭/૭/૯૩ ના પરિપત્ર ક્રમાંક: ૧૦૯૩/૧૩૨૨૨/છ.
૪) સરકારશ્રીના શિ.વિ.નો તા.૨૧/૭/૯૩ ના પત્ર ક્રમાંક: બમશ/૧૨૯૩/૧૩૨૨/છ.
૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ, તા.૦૪/૦૮/૨૦૧૧
૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૪/૧૮૨/છ, સચિવાલય, ગાંધીનગર, તા.૫/૬/૨૦૧૪
૭) The Gujarat Self Financed School (Regulation of Fees) Act,2017
૮) The Gujarat Self Financed School (Regulation of Fees) Rules, 2017
૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૨૫૦/છ, તા.૨૯/૦૯/૨૦૧૮
૧૦)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-મશબ/૧૨૧૧/૮૫૦/છ તા.૧૬/૦૯/૨૦૧૯ અને તા.૧૯/૧૧/૨૦૧૯
૧૧) બોર્ડની તા.12.05.2023.ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:492/2023.

શાળાનું નામ:- **MY APPLE SCHOOL SANSKAR FOUNDATION, MY APPLE SCHOOL SANSKAR FOUNDATION NR AVDHUT RAILWAY CROSSING,VADODARA**

Type: Both Medium :-English Stream :- General

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ-૧ અન્વયે જણાવવાનું કે, **SANSKAAR FOUNDATION** સંચાલક મંડળ (શાળા મંડળ નોંધણી નંબર **F/2668/VADODARA** દ્વારા જૂન – ૨૦૨૩ થી કાયમી ધોરણે અનુદાન (ગ્રાન્ટ) નહી લેવાની શરતે નવી સૂચિત **MY APPLE SCHOOL SANSKAR FOUNDATION** ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને અરજી ક્રમાંક **GSEB/H/23/7** થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ – ૧૯૭૪ ના વિનિયમ – ૯(૧) ની જોગવાઈ અનુસાર દસ્તાવેજો સાથે ઓનલાઈન અરજી કરેલ હતી. સંદર્ભપત્ર-૧૧ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ – ૧૯૭૪ ના વિનિયમ – ૯(૨) મુજબ ઓનલાઈન મળેલ અરજી કારોબારી સમક્ષ વિચારણા અર્થે રજૂ કરેલ કારોબારી સમક્ષ ઓનલાઈન અરજીના આધાર – પુરાવાઓ, દસ્તાવેજો ધ્યાને લઈ કારોબારી સમિતિએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ – ૧૯૭૪ ના વિનિયમ – ૯ ની વિવિધ જોગવાઈઓ ધ્યાને લેતાં સૂચિત ઉચ્ચતર માધ્યમિક શાળાની કામચલાઉ મંજૂરી આપવાનો નિર્ણય કરેલ છે.

આપની અરજીમાં જણાવેલ કોઇપણ વિગત અથવા તેની સાથે જોડેલ કોઇપણ દસ્તાવેજો બનાવટી અથવા બોર્ડને ગેરમાર્ગે દોરનારા સાબિત થશે તો કોઇપણ સમયે શાળાની નોંધણી રદ થવાને પાત્ર થશે અને તે માટે દરખાસ્ત કરનાર શાળા સંચાલક મંડળ અને તેના હોદ્દેદારો જવાબદાર રહેશે અને તેની સામે પોલીસ કેસ સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૯ ની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટમાં ઉપસ્થિત થયેલી રીટ પીટીશન(સીવીલ) નંબર ૪૮૩/૦૪માં તા.૧૩/૪/૦૯ના રોજ આપવામાં આવેલ નિર્દેશ અનુસાર નીચે જણાવેલી શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે બિનઅનુદાનિત શાળા તરીકે કામચલાઉ નોંધણી કરવામાં આવે છે.

ઉકત સંદર્ભિત જોગવાઇને અનુલક્ષીને આપના મંડળની સૂચિત ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રવાહ: General, માધ્યમ :- English, પ્રકાર:- Both ની નોંધણી કરવા માટે શાળા મંડળની ઓનલાઈન અરજી, સોગંદનામું અને તેની સાથે રજુ કરેલ જરૂરી તમામ આધારો અને નીચે દર્શાવેલા તમામ જરૂરી આધારો ક્રમ-૧ થી ૯ આપના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે પ્રમાણિત કરાવી આ કચેરીને દિન-૩૦ માં રૂબરૂ અથવા ટપાલથી પહોંચાડવાના રહેશે.

આપેલ નિયત સમય મર્યાદામાં મંડળ દ્વારા આધારો રજૂ કરવામાં નહી આવે તો શાળા મંડળની (સૂચિત) ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી કરવા અંગેની અરજી આપો આપ રદ થયેલી ગણવામાં આવશે અને સૂચિત નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરી શકશો નહી. જેની ખાસ નોંધ લેશો.

૧. નમૂના - A મુજબનું ડીડ ઓફ ડેકલેરેશન જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલ. (રૂ.૧૦૦ ના સ્ટેમ્પ ઉપર નોટરાઇઝ)

૨. નમૂના - B મુજબનુ ડીપોઝીટ અંગેનું બેકનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલ.

૩. નમૂના - C, C-1 મુજબનું ફાયર સેફટનું પ્રમાણપત્ર

૪. નમૂના - D મુજબનું રાજય સરકારનું લાયસન્સ ધરાવતા એન્જિનિયર દ્વારા સમાવેલ સ્ટેબિલિટી પ્રમાણપત્ર.

૫. નમૂનો - E મુજબનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર

૬. નમૂનો – F મુજબનું ફાઈલમાં રજૂ કરેલ આધારોના પેજ નંબર સહિત નોંધવાનું ચેકલિસ્ટ

૭. નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલી સીવીલ પીટીશન નં. ૪૮૩/૦૪માં તા.૧૩/૪/૦૯ ના રોજ આપેલ નિર્દેશ મુજબ સૂચિત શાળાનું મકાન સલામત અને સુરક્ષિત છે અને સુરક્ષાના પ્રત્યેક પાસાઓને ધ્યાનમાં લઇ આવુ મકાન નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયાના સલામતી અંગેના ધોરણો અનુસાર બંધાયેલ છે, તેની ચકાસણી સંબંધિત જિલ્લાના અધિકાર ધરાવતા નાયબ નગર નિયોજક અથવા તે જિલ્લાના નજીકના મ્યુનિસીપાલીટી/શહેરી વિકાસ સત્તા મંડળ પાસે નોંધાયેલા સ્ટ્રકચરલ એન્જીનિયર દ્વારા ચકાસણી કરેલ છે. તે મતલબનું આ સાથેના નમૂના મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અને ફાયર સેફટી અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૮. બાયસેગના કાર્યક્રમો પ્રસારીત કરવા તે માટેના ડીશ એન્ટેના તેમજ ૩૯" (ઓગણ ચાલીસ ઇંચ)નું અથવા તેથી મોટું ટી.વી. શાળાએ વસાવવાનું રહેશે અને તેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૯. શાળા મંડળે શાળાની નોંધણી ફી પેટે બોર્ડે આ સાથે મોકલાવેલ ચલણની નકલ મુજબ રૂ.૨૦,૦૦૦/- ની રકમ બેન્કમાં જમા કરાવીને ચલણની કોપી ફાઈલ સાથે રજૂ કરવાની રહેશે.

૧૦. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૨૦ ની જોગવાઇ મુજબ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂંક શાળામંડળે કરવાની રહેશે.

૧૧. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯ ની જોગવાઇ મુજબ નિયત થયેલ ધારા ધોરણ મુજબ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફનું નિયત કરેલ સંખ્યાબળ મુજબ સ્ટાફની નિમણૂંક શાળામંડળે કરવાની રહેશે.

૧૨. શાળા મંડળે વિનિયમ-૯ (૧૩) ની જોગવાઈ અનુસાર જરૂરી આરોગ્ય વિષયક સુવિધાઓ અને વર્ગખંડોનું ક્ષેત્રફળ મુજબ વર્ગમાં મહત્તમ ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે. ૬૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ સંબંધિત અધિકારીની પૂર્વ મંજુરી વગર આપી શકશે નહી.

૧૩. શાળા મંડળે વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઈ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસ માર્કા કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓને/વાલીઓને આગ્રહ રાખી શકશે નહી કે ફરજ પાડી શકશે નહી.

૧૪. ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયંત્રણ અધિનિયમ-૨૦૧૭ ના પ્રબંધો અને તે હેઠળ બનેલા નિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

૧૫. ગુ.મા.શિ.વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ-૧૦(૧)(ક)ની જોગવાઈ અનુસાર સચિવ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની પૂર્વ પરવાનગી સિવાય ધોરણ-૧૦ શરૂ કરી શકાશે નહી.

૧૬. વિનિયમ-૧૦(૧)(ખ) ની જોગવાઈ અનુસાર સચિવ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની પૂર્વ પરવાનગી સિવાય ચાલુ ધોરણના વધારાના વર્ગ શરૂ કરી શકશે નહી.

૧૭. શાળા સંચાલક મંડળ દ્વારા રજૂ કરેલ શાળા મકાન અને રમત-ગમતના મેદાન માલિકીના પુરાવા અને જો રજિસ્ટર્ડ ભાડા કરારથી શાળા મકાન અને રમત-ગમતનું મેદાન હોય તો તેના પુરાવા રૂપે રેવન્યુ રેકર્ડમાં નોંધ કરેલ આધાર રજૂ કરવા રહેશે.

ઉપરોકત પૂર્તતા નિયત સમય મર્યાદામાં બોર્ડની કચેરીએ રજુ કર્યા બાદ શાળાની નોંધણી કરવામાં આવશે.

નોંધ :૧. આ પત્રની એક નકલ શાળામંડળે શાળાનાં બિલ્ડીંગનાં નોટિસ બોર્ડ પર શાળા ખાતે આવતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનાં ધ્યાન પર સહેલાઇથી દેખાય તે રીતે કાયમી પ્રદર્શિત કરવાની રહેશે.

૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ઓનલાઇન અરજી સાથે અપલોડ કરેલ આંધારોની ચકાસણી અસલ આધારો સાથે તથા જે સક્ષમ સતામંડળ કે સત્તાધિકારીએ ઇસ્યુ કરેલ છે તેમની પાસે લેખિત આધારોની ખરાઇ કરાવવાની રહેશે.

બિડાણ :- ૧. જરૂરી પ્રમાણપત્રોના નમૂનાઓ (નમૂનો – A થી F)

(એન.જી.વ્યાસ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના :-

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી VADODARA તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

૨. નાયબ સચિવ (અપીલ શાખા), બ્લોક નં:-૫ ૭મો માળ નવા સચિવાલય ગાંધીનગર